Divya Bhaskar, 27-10-2012,

# બા ને વહાલ કર્યું તો દાદાજી પાસે વાર્તા સાંભળી

માનવતા

## બી.વી. પટેલ ઈન્સ્ટિટ્યુટના બીબીએ, બીકોમના 30 વિદ્યાર્થીઓ પહોંચ્યા વૃદ્ધાશ્રમમાં

ભાસ્કર ન્યૂઝ. બારડોલી

અપરિચિત મુલાકાતીઓના હુંફાળા સ્પર્શ, સમયદાન અને નિસ્વાર્થ ભાવથી વડિલોના હૃદય ગદગદીત થઈ ગયા હતાં. વિદ્યાર્થીઓએ તેમના ખબર અંતર પૂછ્યા, એમના જીવનની યાદગાર -ણોને જીવંત કરી, માણી અને પોતાના મોબાઈલ ફોન દ્વારા તેમના પરિચિતો સાથે વાતચીત પણ કરાવી. વિદ્યાર્થીઓએ પણ અનુભવ્યું કે અહીં રહેતા વડિલો ખુશ મિજાજ હતાં અને એમને એ વાતનો સંતોષ હતો કે તેઓ સન્માનપૂર્વાક પોતાની જિંદગી પોતાની શરતો પર જીવી રહ્યાં હતાં. ત્યાં સુધી કે શારીરિક અ-ામતાઓ હોવા છતાં પણ તેઓ હસવા અને હસાવવામાં સ-ામ હતાં. દાદા બાની એકલતા દૂર કરવા આવવાની વિનંતી સાંભળી વિદ્યાર્થીઓના હૃદય દ્રવી ઉઠ્યા હતાં.

જ્યારે વિદ્યાર્થીઓ તેમને ફળો અને બેસવા માટે ખુરશીઓની ભેટ આપી તો આશીર્વાદના વરસાદથી તેમનો ભીંજવી નાંખ્યા. એક વિદ્યાર્થીને બાએ હાથ પકડી બાજુમાં બેસાડતા તઓના રૂવાટા ઊભા થઈ ગયા અને અનુભવ યાદગાર બની રહ્યો. આ મુલાકત વિદ્યાર્થીઓ માટે આંખ ઉઘાડનાર રહ્યો અને તેમણે પ્રણ લીધુ કે પોતાની આસપાસના વડિલોને કોઈ પણ રીતે અન્યાય થવા ન દેશે. સૌએ દીપાવલી નિમિત્તે ફરી પાછા દાદા બાને મળવા આવવાનો સંપર્ક કર્યો.





વિદ્યાર્થીઓએ વૃદ્ધના સ્વજનો સાથે મોબાઈલ પર વાત કરાવી દાદાની નિશ્રા માણી હતી. તસવીર હરેન્દ્રસિંહ બારડ